# આ વર્ષે પણ મગફળીના ભાવ મજબૂત રહેવાની સંભાવના

ગુજરાતમાં ચાલું વર્ષ ૨૦૨૦–૨૧ ની ખરીફ સીઝન દરમ્યાન ચોમાસુ જૂનના ત્રીજા સપ્તાહમાં સમયસર બેસી ગયેલ હતું, જો કે વરસાદ છુટો–છવાયો થયેલ, જેથી મગફળીનું વાવેતર જુલાઈ, ૨૦૨૧ ના ત્રીજા સપ્તાહ સુધી ચાલુ રહેલ. આ વર્ષે ગુજરાતમાં મગફળીનું વાવેતર ૧૯.૧૦ લાખ હેક્ટર જેટલું થયેલ છે, જે ગત વર્ષ ૨૦૨૦–૨૧ માં ૨૧ લાખ હેક્ટર જેટલું હતું. ચાલું વર્ષે જુલાઈ મહિનામાં સામાન્ય વરસાદ થયો હતો, પરંતુ ઓગસ્ટ મહિનો સંપૂર્ણ સૂકો રહેલ જેના લીધે કેટલાક વિસ્તારમાં નોંધપાત્ર નુકસાન થયું છે. જો કે સપ્ટેમ્બરમાં સારો વરસાદ થવાથી પાકનું ઉત્પાદન સારું થવાની સંભાવના છે. ગુજરાતમાં ચાલું વર્ષે ખરીફ મગફળીનું ઉત્પાદન ગત વર્ષ જેટલું જ, ૪૦ લાખ ટન જેટલું થવાનો અંદાજ છે (પ્રથમ આગોતરો અંદાજ તા. ૦૭–૦૯–૨૦૨૧).

દેશમાં ચાલું વર્ષે ખરીફ મગફળીનું ઉત્પાદન અંદાજે ૮૨.૫૪ લાખ ટન (પ્રથમ આગોતરો અંદાજ તા. ૨૧–૦૯–૨૦૨૧) જેટલું થશે, જે ગત ૨૦૨૦–૨૧ કરતા ૨ લાખ ટન ઓછું રહેશે. રવિ ઋતુ સહિત દેશમાં ગત વર્ષે ૬૦ લાખ હેક્ટર વિસ્તાર માંથી વિક્રમ જનક ૧૦૨ લાખ ટન મગફળીનું ઉત્પાદન થયેલું હતું.

ગત વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન દેશમાંથી ૬.૩૯ લાખટન મગફળીની નિકાસ થઈ હતી જે વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન ૬.૬૪ લાખ ટન હતી અને ચાલુ વર્ષે તે આશરે ૭ લાખ ટન જેટલી થવા સંભવ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૦–૨૧ માં ૨.૪૨ લાખ ટન જેટલા વિક્રમ જનક મગફળીના તેલની નિકાસ થઇ હતી. જે ભૂતકાળમાં ક્યારેય ૪૦ હજાર ટનથી વધારે થયેલ ન હતું. આથી  મગફળીના ભાવ જે નવેમ્બર–ડિસેમ્બર, ૨૦૨૦ માં  મણના રૂા. ૧૦૦૦ જેટલા હતા, જે સતત વધીને ફેબ્રુઆરી, ૨૦૨૧ માં રૂા. ૧૧૦૦ થયા, અને એપ્રિલ, ૨૦૨૧  માં મણના રૂા. ૧૨૦૦ થયા તેમજ ઓગસ્ટ, ૨૦૨૧ સુધીમાં રૂા. ૧૩૦૦ થી પણ વધારે થયેલ હતા. હાલમાં ગુજરાતની વિવિધ બજાર માં મગફળીનો ભાવ મણના રૂા. ૧૦૫૦ જેટલો પ્રવર્તમાન છે, જે કાપણીની સિઝનમાં હાલની સપાટીએ જ રહેવાની શક્યતા છે. સને ૨૦૨૧–૨૨ વર્ષ માટે સરકારશ્રીએ મગફળીનો ટેકાનો ભાવ મણનાં રૂા. ૧૧૧૦ (ક્વિન્ટલનાં રૂા. ૫૫૫૦) નક્કી કરેલ છે, જે ગત વર્ષે મણનાં રૂા. ૧૦૫૫ હતો.

ગત વર્ષ ૨૦૨૦–૨૧ માં દેશમાં તેલીબિયાનું કુલ ઉત્પાદન આશરે ૩૬૧ લાખ ટન થયેલ હતું. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૯ ટકા વધારે હતુ. વર્તમાન ખરીફ તેલીબિયાંનું ઉત્પાદન ૨૩૪ લાખ ટન થવાનો અંદાજ છે, જે પાછલા વર્ષ કરતા ૬ લાખ ટન જેટલું ઓછું રહેશે. વર્ષ ૨૦૧૯–૨૦ માં દેશમાં ખાદ્યતેલની આયાત ૧૪૭ લાખ ટન થયેલ હતી, જે વર્ષ ૨૦૨૦–૨૧માં ઘટીને ૧૩૪ લાખ ટન થયેલ હતી.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં મગફળીના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે**, કે મગફળીનો ભાવ ઓક્ટોબર થી ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન (કાપણી સમયે) મણનાં રૂા. ૧૦૫૦ થી ૧૧૫૦ (ક્વિન્ટલ દીઠ રૂા. ૫૨૫૦–૫૭૫૦) જેટલા રહેવાની સંભાવના છે.** જે થી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ, મગફળીનો સંગ્રહ કરવા તેમજ ડીસેમ્બર, ૨૦૨૧ પછી વેંચાણ કરવા ખેડૂતભાઇઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જે ખેડૂતભાઈઓને મગફળીનો સંગ્રહ કરવો પરવડે તેમ ન હોય, તેઓ ટેકાના ભાવે (માર્કેટ યાર્ડમાં) ખરીદ કેન્દ્રો ખાતે વેચાણ કરે.

જો સરકારશ્રી દ્વારા નિકાસને પ્રોત્સાહન અને ખાદ્યતેલની આયાત ઉપર નિયંત્રણ રાખવા ઉંચી આયાત કરની નીતિ ચાલું રાખવામાં આવશે, તો ગત વર્ષની જેમ જ, આ વર્ષે પણ મગફળીના ભાવમાં વધારો થવાની સંભાવના રહેલી છે.